# સાબરકાંઠામાં વાવાઝોડા સાથે અડધાથી પોણો ઈંચ વરસાદ

## ગ્રામ્ય વિસ્તારોમાં મોડી રાત સુધી વીજપુરવઠો ખોરવાયો : કેટલાક ખેતરોમાં મોડેથી વાવેતર કરેલ બાજરીનો પાક જમીન દોસ્ત

સાબરકાંઠા સહિત ગુજરાતમાં આ વર્ષે ચોમાસુ નિયમીત હોય તેવા એંધાણ અગાઉથી જ દેખાઈ રહ્યા હતા અને જિલ્લાવાસીઓની અપેક્ષા મુજબ તા.૧૦ જુનથી જિલ્લામાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે. જેના લીધે બધવારે સમી સાંજે જોરદાર વાવાઝોડા સાથે વરસાદનું આગમન થયુ હતું. જિલ્લાના અન્ય સ્થળે પણ અડધાથી પોણો ઈંચ વરસાદ થયાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયુ છે. સાબરકાંઠા જિલ્લામાં બુધવારે આખો દિવસ અસહ્ય ગરમી અને બાફને લીધે લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા દરમિયાન સાંજે ૬-૩૦ વાગ્યાના સુમારે અચાનક વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ જોરદાર પવન શરૂ થઈ ગયો હતો. ઉત્તર દિશા તરફથી શરૂ થયેલો આ પવન થોડાક જ સમયમાં વરસાદને ખેંચી લાવ્યો હતો . જેને લઈને જિલ્લાના મોટાભાગના તમામ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસવાનું શરૂ થઈ ગયુ હતું જેને લઈને ખાસ કરીને ખેડૂત વર્ગમાં દોડધામ મચી જવા પામી હતી. હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે વરસાદ શરૂ થતાની સાથે જ વીજ પુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો જેને લઈને ગ્રામ્ય વિસ્તારોમાં અડધી રાત પછી વીજ પુરવઠો પુર્વવત થયો હતો. ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ જિલ્લામાં પડેલા પ્રથમ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને છેલ્લા ચોવીસ કલાકમાં હિંમતનગરમાં ૧૧, વડાલીમાં ૧૭, તલોદમાં ૧૦, પ્રાંતિજમાં ૧૮, ઈડરમાં ૩ અને વિજયનગરમાં ૦૧ મીમી વરસાદ પડ્યો છે. સમયસર પડેલા વરસાદને કારણે ગામડાઓમાં જે ખેડૂતોએ ઉનાળુ બાજરીનું પાછોતરૂ વાવેતર કર્યુ હતુ તે બાજરી હજુ ડુંડા અવસ્થામાં હોવાને કરાણે પાકીને તૈયાર થઈ નથી પરંતુ પવન અને વરસાદને કારણે તે પાક મોટાભાગના વિસ્તારોમાં જમીન દોસ્ત થઈ ગયો છે. દરમિયાન ગુરૂવાર સવારથી જ વાતાવરણમાં બાફ અને ઉકળાટનું પ્રમાણ ૭૦ ટકાથી વધુ રહેવા પામ્યું હતું અને પવનની ગતિ પ્રતિ કલાકના દશ કિલોમીટરથી વધુ રહેવા પામી હતી સાથો સાથ જિલ્લામાં ગુરૂવારે વધુમાં વધુ તાપમાન ૩૮ ડીગ્રી રહ્યું હતું.

### ચોમાસા સંદર્ભે સાબરકાંઠામાં ફલડ કંટ્રલરૂમ કાર્યરત કરાયા

સાબરકાંઠા જિલ્લામાં વરસાદના પગલે તેમજ ચોમાસા સંદર્ભે હિંમતનગર સ્થિત કલેક્ટર કચેરી ખાતે ફલડ કંટ્રોલરૂમનો ગુરૂવારથી પ્રારંભ કરાયો છે. આ કંટ્રોલરૂમ જિલ્લા કક્ષાએ ૨૪ કલાક ચાલુ રહેશે જેના પરથી ચોમાસા દરમિયાન આવી પડતી આફતો અને તેના બચાવ માટે મદદ માંગવામાં આવશે તો તરત જ સંલગ્ન વિભાગની બચાવ ટુકડી યુધ્ધના ધોરણે કામગીરી કરશે એમ એક યાદીમાં જિલ્લા કલેક્ટર સી. જે. પટેલ દ્વારા જણાવાયુ છે. કંટ્રોલરૂમનો ટોલ ફ્રી નંબર ૧૦૭૭ તેમજ ટેલીફોન નંબર ૦૨૭૭૨-૨૪૯૦૩૯ કાર્યરત કરી દેવાયા છે. જેના પર કટોકટીના સમયે જાણ કરી મદદ માંગી શકાશે. ચોમાસા સંદર્ભે તલોદ તાલુકાના જવાનપુર પાસેથી પસાર થતી મેશ્વો નદી ઉપર બનાવાયેલ જળ સંપત્તિ યોજના (બેરેજ)ના તમામ દરવાજા ૧ જુનથી ૩૧ ઓગસ્ટ સુધી ખુલ્લા રાખવામાં આવશે જેથી તલોદ તાલુકાના ડેમની નીચાણ વાળા પટમાં આવતા બડોદરા, પનાપુર, સીમલીયા, મહેકાલ સહિતના ગામોના લોકોને નદીમાંથી પસાર ન થવા સુચના આપી દેવાઈ છે. હિંમતનગર તાલુકાના માંકડી અને ઈન્દ્રાસી ડેમના નીચાણ વાળા વિસ્તારોને પણ સાવચેત રહેવા તંત્ર ધ્વારા તાકીદ કરવામાં આવી છે. જેમાં ૨૦ થી વધુ ગામોનો સમાવેશ થાય છે.



# મોડાસામાં કોરોનાનો તાંડવ યથાવત

## મોડાસા શહેરમાં ૯ લોકોને કોરોના ભરખી જતા લોકોમાં ફફડાટ, વધુ બે કેસ સાથે કોરોનાની અર્ધી સદી

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દિન-પ્રતિદિન કોરોના વાયરસના પોઝેટીવ કેસ નોંધાઈ રહ્યા છે. મોડાસા શહેરમાં ૫૦ કોરોના પોઝેટીવ દર્દીઓમાંથી ૯ લોકોના મોત નિપજ્યા છે જેમાં ૨૪ કલાકના સમયગાળામાં બે કોરોના પોઝેટીવ અને હિંમતનગર કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ શંકાસ્પદ કોરોના પોઝેટીવ દર્દીનું મોત નિપજતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરમાં કોરોના દર્દીઓ પોઝેટીવ રિપોર્ટ આવ્યાનાં ગણતરીના કલાકોમાં જ મોતને ભેટતા લોકોમાં ભય જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં કોરોનાથી મૃત્યુ પામેલાં દર્દીઓમાંથી મોટા ભાગના દર્દીઓએ હિમતનગર કોવીડ હોસ્પીટલ સારવાર દરમિયાન દમ તોડી દેતા હિંમતનગર કોવીડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને આપવામાં આવતી સારવાર સામે પણ લોકોમાં અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે. મોડાસા શહેરમાં કોરોનાના વધુ બે કેસ પોઝેટીવ દર્દીઓ સાથે કુલ આંક ૫૦ પર પહોંચ્યો છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓ પણ વધી રહ્યાં હોવાથી લોકોમાં ભય છવાયો છે.



અરવલ્લી જીલ્લા માટે કોરોના પ્રાણઘાતક સાબિત થઈ રહ્યો છે, મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી સંક્રમણના ભય હેઠળ મોડાસા શહેરમાં કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યા વધવાની સાથે મૃત્યુ આંક પણ સતત વધી રહ્યો છે. મોડાસા શહેરમાં ગુરુવારે કોરોનાથી અને અન્ય એક મુસ્લિમ અગ્રણી અખ્તર ચિસ્તીનું હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં શંકાસ્પદ કોરોનાથી મોત નિપજતાં ચકચાર મચી છે.

મોડાસા શહેરમાં સતત કોરોના પોઝેટીવ દર્દીઓનું મોત નીપજ્યું રહ્યું છે, મોડાસામાં કોરોના પોઝેટીવ દર્દીઓનો મૃત્યુ આંક પણ સતત વધી રહ્યો હોવાથી કોરોના ૯ લોકોને ભરખી જતા લોકોમાં કોરોનાની બીમારીએ ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોનાથી સતત થઈ રહેલ મૃત્યુથી આરોગ્ય વિભાગ ગોથે ચઢ્યું છે. જીલ્લામાં મૃત્યુદરમાં સતત થઈ રહેલો વધારો આરોગ્યતંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ લોકો ઉઠાવી રહ્યા છે.



**તલોદ કોલેજમાં એન.એસ.યુ.આઈ.ના વિદ્યાર્થીઓ દ્વારા આવેદનપત્ર**

રાજ્યભરની તમામ યુનિ. પરીક્ષા લેવા અંગેના નિર્ણયમાં ફેર વિચારણા કરે, પહેલા સત્રની ફી માફ કરે, માસ પ્રમોશન પ્રથા ચાલુ સાલે અમલી બનાવે અને અન્ય પડતર સમસ્યાઓનો વિદ્યાર્થી આલમના જાહેર હિત માટે નિકાલ લાવે તેવી માંગણીઓ સાથેનું કુલપતિને સંબોધીને લખેલુ આવેદનપત્ર એન.એસ.યુ.આઈ.ના વિદ્યાર્થીઓએ આજે તલોદ કોલેજમાં પહોંચીને ઈ. આચાર્ય એમ.આર. પરીખને આપ્યુ હતુ.

# તલોદમાં સરકારી ગાઈડલાઈનના લીરેલીરા ઉડે છે : પ્રજા બિન્દાસ્ત

તલોદ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદની હાલત જોતા લાગે કે અહી કોરોના આવવાનો જ નથી અથવા તો કોરોના હારી ગયો છે..!! સરકારની ગાઈડલાઈનના અહી લીરા ઉડતા જણાય છે. જ્યાં ૯૦ ટકા લોકો માસ્ક વિનાજ બિન્દાસ્ત બગીચામાં ફરતાં હોય તેમ બજારોમાં ફરી રહ્યા છે.

લોકોને માસ્ક પહેરવાની સૂચના માત્ર આપીને અદબ વાળી બેઠેલું જવાબદારતંત્ર કોઈ પગલાં નહિ લે તો કોરોનાનો કહેર તલોદના જનજીવનને ચોક્કસ બાનમાં લેશે તેમ મનાય છે. શરૂઆતના દિવસમાં લોકો માસ્કને ફરજિયાત સમજીને પહેરતાં હતા. મામલતદાર તથા નગરપાલિકાની સંયુક્ત ટીમે તલોદમાં માસ્ક પહેર્યા વગર વેપાર/ધંધો કરતા વેપારીઓ અને વેપારીઓના કર્મચારીઓને ઝડપી લઈ રૂ.૨૦૦ મુજબ માસ્ક વગરના ૩૦ લોકો પાસેથી રૂ. ૬૦૦૦/-નો દંડ વસૂલ કર્યો હતો. જેથી લોકોને માસ્ક સાથે જ ફરવાની ફરજ પડી હતી. સમયાંતરે હવે અનલોક-૧ના પ્રથમ સપ્તાહના અંતથી જ જાણે કે લોકોને માસ્ક દુશ્મન જેવો લાગી રહ્યો છે.'માસ્કથી મોં અને નાકને બફારો લાગે છે જે સહન થયો નથી' એવું માનનારા લોકોને લાગે છે, કોરોનાની જીવલેણ ગંભીરતાનો ખ્યાલ નથી આવતો. અથવા તો તેવા લોકો જડ પ્રકૃતિના છે. આવા લોકો વાઈરસને વ્યાપકપણે ફેલાવશે અને તેથી ઢગલાબંધ કોરોના પોઝિટિવના થશે જે નિર્વિવાદ વાત છે.

મોટા ભાગના લોકો માસ્ક વિનાજ ફરતા જણાઈ રહ્યા છે. જો જવાબદારતંત્ર, માસ્ક પહેરવાની લોકોને ફરજ નહિ પાડે અને લાલિયાવાડી કરશે તો આગામી માસમાં નવા ઢગલાબંધ કોરોના પોઝિટિવના કેસ નોંધાશે તેમ ભાસી રહ્યું છે.

તલોદના બજારમાં સોશ્યલ ડિસ્ટન્સની અને કોરોનાના ખોફની જાણે કોઈને પડીજ ના હોય તેવી થયેલી દશા ગંભીર પરિણામ લાવશે જે નક્કી બાબત જણાય છે. તાલુકામા કુલ ૧૦ કેસ તો કોરોનાના નોંધાઈ ચૂક્યા છે. છતાં પણ કોરોના ખુદ ભાગી ગયો હોય, થાકી ગયો હોય તેવી ગફલતમાં લોકો રાચે છે. આમ થતાં પોતાની જાતને સાચવતા લોકોને નાહકના આવા બેફિકરાઈથી ફરતા લોકો હાની પહોંચાડશે. જે લોકો સરકારે બહાર પાડેલા અને કલેકટરશ્રીના જાહેરનામાના નિયમો પાળતા જ નથી. આવા લોકો દ્વારા કોરોના વાઈરસના સંક્રમણનો અતિ ભારે ભય છે. જે એક વરવી વાસ્તવિકતા છે.

જો કે અહીંનું સરકારીતંત્ર ઉદાસીનતા દાખવતું હોવાથી અને એક બીજા પર જવાબદારી ઠેલતું હોવાથી અહીં પ્રજાજનો ઉપર કોઈની લગામ કસાયેલી રહી નથી. જેથી બજારમાં અનેક બાબતોએ જિલ્લા કલેકટરશ્રીના જાહેરનામાનો સરેયામ ભંગ થતો જણાય છે. અંદાજીત અઢી માસ બંધ રહેલ બજારની અસર ધોવાઈ જશે અને નાહકના સ્વસ્થ અને જાગ્રત લોકો અને પરિવારો કોરોનાના ખપ્પરમાં ધકેલાઈ જશે તો કેવી દશા થશે ? એ વિચાર માત્ર કાળજું કંપાવી જાય તેવો ઘાતક છે.

માસ્ક બાબતે જન જાગૃતિ નહિ આવે અને જવાબદારતંત્ર દંડનીય કાર્યવાહી નહી કરે તો જાતે તો માસ્ક નહિ બાંધનારા લોકો નહિ જ સુધરે અને તલોદનું આવનાર ભાવિ કોરોનાના પંજામાં ધકેલાઈ જશે તેવી દહેશત જાગૃતજનોને મન ઉદભવી છે. જે ભાવિ માટે અતિ ભારે ખતરાની ઘંટી છે.

**તલોદના બજારમાં આડેધડ ફળ, શાકભાજી વગેરે વેચવા બહાર ગામથી આવતા લોકો જ્યાં ત્યાં લારીઓ લઈને ફરે છે. જેઓ કોરોના વાઇરસના ફેલાવા માટે 'સુપર સ્પ્રેડર' પુરવાર થશે તેવી પૂરી સંભાવના છે. જે સાજા સારા લોકો માટે ભારે ખતરારૂપ ભાસી રહ્યા છે. તંત્ર તે સામે લાલ આંખ કરે તે સમયની માંગ છે**

# હિંમતનગર તાલુકાના આગિયોલ ગામમાં કોરોનાના વધુ બે પોઝીટીવ કેસ

## જિલ્લામાં કોરોનાના ૮૯ દર્દીઓ સારવાર બાદ મુકત કરાયા : ૫ દર્દીઓના મોત નિપજયા

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કેસોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ત્યારે ગુરૂવારે હિંમતનગર તાલુકાના આગિયોલ ગામમાં કોરોનાના વધુ બે પોઝીટીવ કેસ આવતા આરોગ્યતંત્ર દ્વારા કોરોના પોઝીટીવ દર્દીઓને સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. લોકડાઉનમાં આપેલી છૂટછાટ બાદ લોકો બજારમાં ફરવા લાગ્યા છે ત્યારે કોરોનાના કેસોમાં આગામી દિવસોમાં વધારો થાય તો નવાઈ નહિ.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર જિલ્લામાં કોરોનાના સંક્રમણના કેસો દિનપ્રતિદિન વધવા લાગતા ફરીથી પ્રજામાં ભય જોવા મળી રહ્યો છે. ગુરૂવારે હિંમતનગર તાલુકાના આગિયોલ ગામમાં એક ૬૫ વર્ષીય વૃધ્ધ અને ૪૦ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા બંને દર્દીઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. હિંમતનગર તાલુકાના આગિયોલ ગામમાં કોરોનાના સંક્રમણ કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આસપાસના વિસ્તારને કોરોન્ટાઈન કરી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. સંક્રમણે ફેલાતુ રોકાવા માટે લોકોમાં જાગૃતિનો ફેલાવો, સેનેટાઈઝેશન, ફરજીયાત માસ્ક તથા તકેદારીના યોગ્ય પગલા લેવામાં આવે તે માટેની વારંવાર અપીલ વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહી છે તેમ છતાં લોકો સોશિયલ ડીસ્ટન્સ જાળવવાને બદલે ખુલ્લા બજારમાં ફરવા લાગ્યા છે જે ચિંતાનો વિષય છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના કારણે પાંચ દર્દીઓના મોત નિપજયા છે, જયારે ૮૯ દર્દીઓ કોરોના મુકત થતા સારવાર બાદ રજા આપવામાં આવી છે. લોકડાઉન બાદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસો જોવા મળ્યા છે ત્યારે આગામી દિવસોમાં કોરોના સંક્રમણ વધુ ફેલાય તેમ લાગી રહ્યુ છે. આરોગ્યતંત્ર દ્વારા પણ લોકજાગૃતિ માટેની ખાસ ઝૂંબેશ શરૂ કરાય તેવી માંગ ઉઠી છે.

# એસ.ટી બસોને ગામડાના બસ સ્ટેન્ડે થોભાવવા માંગ

મહેસાણા, તા. ૧૧

મહેસાણા એસ.ટી. વિભાગ દ્વારા ચોથા લોકડાઉનમાં ડેપો મથકોએથી મર્યાદિત ટ્રીપોના સંચાલન સાથે એસ.ટી. બસો દોડાવાય છે. જેમાં મુખ્યત્વે પોઈન્ટ ટુ પોઈન્ટ જ બસો દોડતી હોઈ વચ્ચેના ગામોમાં બસો થોભાવાના આદેશ ન હોઈ મુસાફરો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. પોઈન્ટ ટુ પોઈન્ટ બસો દોડતી હોવાથી બસોમાં ટ્રાફિકનું પ્રમાણ ઓછુ રહે છે. જેથી એસ.ટી. તંત્રને આર્થિક રીતે નુકસાન થઈ રહ્યું છે.

અનલોક-૧માં અપાયેલ છૂટછાટોના પગલે શહેરી વિસ્તારોમાં ધંધા-રોજગાર ધમધમતા થયા છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના લોકોની



અવરજવરના અભાવે શહેરના વેપારી વર્ગને પૂરતા ગ્રાહકો મળતા નથી. આથી તેઓ મુંઝવણ અનુભવી રહ્યા છે. આમ પોઈન્ટ ટુ પોઈન્ટ બસ સર્વિસોના મર્યાદિત સંચાલનમાં વચ્ચેના ગામોના મુસાફરો બસ સેવાથી વંચિત રહેતાં તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ એસ.ટી. બસ સેવા શરૂ ન કરાતાં ગ્રામ્ય વિસ્તારના હજ્જારો મુસાફરો ભારે હાલાકી વેઠી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં બસ સેવા શરૂ ન થવાથી આ વિસ્તારના મોટાભાગના લોકો નજીકના શહેરો, નગરોમાં જઈ શકતા નથી. શહેરોની રોનક લોકડાઉનમાં ખોવાઈ ગઈ છે ત્યારે આ રોનક પાછી લાવવા તેમજ એસ.ટી. તંત્રની વધતી જતી ખોટને અટકાવવા માટે બસ સર્વિસો શરૂ કરવા મુસાફરજનતાની તીવ્ર માંગ ઉઠી છે.

એસ.ટી.તંત્ર ધારે તો બસના કંડક્ટરોને થર્મલ ગન આપીને મુસાફરોનું સ્ક્રીનીંગ કરાવી શકે છે. હાલ એસ.ટી.તંત્રની નીતિ લાખના બાર હજાર કરવા જેવી થઈ છે. જિલ્લા અને તાલુકા ડેપો મથકોએથી જે ટ્રીપોનું સંચાલન થાય છે તેમાં ઉનાળાની આકરી ગરમીના કારણે નિયત સંખ્યામાં મુસાફરો મળતા નથી પરિણામે આવકમાં સરવાળે નુકસાન થઈ રહ્યું છે. ઉપરોક્ત બાબતે એસ.ટી.ની વડી કચેરીએથી સત્વરે મંજૂરી મેળવી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં અગાઉની જેમ બસોનું સંચાલન કરાય તેવુ મુસાફર જનતા ઈચ્છે છે.

# શાળા સંચાલકોની દાદાગીરીના વિરોધમાં આવેદનપત્ર અપાયું

## સંચાલકો વિદ્યાર્થીઓને લીંક મોકલવા ફી જમા કરાવવાનું દબાણ કરતા હોવાનો આક્ષેપ

કોરોના વાયરસને લઈને ત્રણ મહિના સુધી શાળાઓમાં લોકડાઉન જાહેર કરાયુ હોવાથી શિક્ષણ કાર્ય બંધ હતુ પરંતુ સરકારે જુન મહિનાથી ઓનલાઈન શિક્ષણકાર્ય શરૂ કરવા આદેશ કર્યા બાદ સાબરકાંઠા જિલ્લાની કેટલીક ખાનગી શાળાના સંચાલકોએ તેમની સ્કૂલમાં ભણતા બાળકોની ફી લેવા માટે દબાણ શરૂ કર્યુ છે અને જો ફી નહી ભરે તો શિક્ષણની ઓનલાઈન લીંક નહી મોકલવાની પણ આડકતરી રીતે ધમકી આપી છે જેના વિરોધમાં તાજેતરમાં બાળકોના હિત ખાતર ઉપભોગતા અધિકાર સંગઠનના સાબરકાંઠા એકમ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદન પત્ર આપીને ઘટતી કાર્યવાહી કરવાની માંગ કરી છે . આ અંગે ઉપભગતા અધિકાર સંગઠન વતી ઉપપ્રમુખ વિજય દવેએ જિલ્લા શિક્ષણાધિકારીને આપેલા આવેદન પત્રમાં આક્ષેપ કરતા જણાવ્યુ છેકે કોરોના વાયરસ જેવા સંકટ સમયમાં કેટલીક ખાનગી શાળાઓના સંચાલકો તેમની સ્કૂલમાં ભણતા બાળકોના નવિન વર્ગમાં પ્રવેશ મેળવવા માટે ફીની રકમ ભરવા માટે દબાણ કરી રહ્યા છે અને જો આ બાળકોની ફી સમયસર ભરવામાં નહી આવે તો તેવા બાળકોને અભ્યાસની ઓનલાઈન લીંક નહી મોકલવામાં આવે તેવુ જણાવી રહ્યા છે.

આ ઉપરાંત જે તે શાળાના સંચાલકો સ્કૂલનો પોષાક તથા શિક્ષણને લગતી ચીજવસ્તુઓ નિર્ધારીત સ્થળેથી અથવા સ્કૂલમાંથી ખરીદવા માટે દબાણ કરી રહ્યા છે.જે યોગ્ય નથી જેથી શિક્ષણાધિકારીએ તપાસ કરાવીને આવા સંચાલકો સામે ઘટતી કાર્યવાહી કરવી જોઈએ.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# અરવલ્લીના સરહદી ગામોમાં તીડ નિયંત્રણને લઈ કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો

અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજના સરહદી ગામોમાં તીડ આવવાની સંભાવનાને લઈ અગમચેતીના ભાગરૂપે પગલા લેવા તે અંગે તકેદારી રાખવા તેમજ જિલ્લાના સરહદી વિસ્તારોમાં તીડ આવવાની શક્યતા છે તેવી જગ્યાઓની ઓળખ કરી અને ટેન્કર દ્વારા દવા છંટકાવ કરવાનું સમગ્ર આયોજન કરવા જણાવ્યું હતું. આ સાથે કલેકટરે પોતાના ગામમાં રણતીડ જોવા મળે તો તીડ



જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરની અધ્યક્ષતામાં કૃષિ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને રણતીડની ઓળખ અને તેના નિયત્રણ અંગે શુ અગાઉથી ટીમ બનાવી સર્વે હાથ ધરવા પર ભાર મુક્યો હતો.

જિલ્લામાં હાલ જે પાકનું વાવેતર કરવામાં આવ્યું છે તેવા ગામોમાં રણતીડથી શક્યતાઓ હોય તો નિયંત્રણ માટે ગ્રામકક્ષાએ દવા છંટકાવ માટે ફૂટ સ્પ્રેયર કઈ દિશામાંથી આવ્યા છે, કેટલા વિસ્તારમાં તીડ બેઠા છે, કયા ગામે સીમમાં બેઠા છે તે અંગેની માહિતી કૃષિ વિભાગના કંટ્રોલ રૂમ ૦૨૭૭૪-૨૫૦૦૩૦ અથવા ડિઝાસ્ટરના કંટ્રોલ રૂમ ઉપર જાણ કરવા જણાવ્યું છે.

### મોડાસા પ્રાથમિક શાળા નં-૧માં હર્બલ પ્લાન્ટેશન કરાયું

મોડાસા શહેરની પ્રાથમિક શાળા નં-૧માં પર્યાવરણ પ્રયોગશાળા શાળામાં હર્બલ પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. મુખ્ય શિક્ષક નીતીનભાઈ પટેલ, ઉપશિક્ષક અરવિંદભાઈ પરમાર તેમજ શાળાના સ્ટાફ દ્વારા તુલસી, કુવરપાઠો સહિત અન્ય જુદા જુદા પ્રકારની ઔષધિઓના રોપા રોપવામાં આવ્યા હતા.

